**રે.દી.મુ. ૪૭/૨૦૨૫**

**:: આંક– ૫ હેઠળ હુકમ ::**

**(૧)** સદરહુ કામે વાદીએ રજુ કરેલ આંક–૫ ની મનાઈ અરજી, દાવાઅરજી, તથા રજુ થયેલ નિશાની ૪/૧ થી ૪/૭ સુધીના દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા, આ કામે પ્રતીવાદીને નોટીસ કરતા પ્રતીવાદીને નોટીસ બજી ગયેલ છે, પ્રતિવાદી નંબર ૧ થી ૧૯ તરફે આંક–૧૪ થી જવાબ તથા પ્રતિવાદી નં.૨૦ તર્ફે આંક–૧૫ થી જવાબ રજૂ કરેલ છે. પક્ષકારોના પ્લડીંગ વંચાણે લીધા તેમજ વાદી તેમજ
પ્રતિવાદીના વકીલશ્રીને સાંભળ્યા.।

**(૨)** વાદીએ હાલનો દાવો દાખલ કરી એવો કામચલાઉ મનાઈ હુકમ માંગેલ છે કે, તા.વિજાપુરની મોજે.ગામ દેવપુરા સીમના ખાતા નં.૨૧૧ સર્વે/બ્લોક નં. ૬૦૩ (જુનો બ્લોક/સર્વે નં.૨૬૫) હે.આરે.ચો.મી. ૦–૨૭–૧૭ વાળી જુની શરતની જમીનનો પ્રતિવાદી નં.૧ થી ૧૯ નાઓએ વાદી સાથે બાનાખત કરેલ હોય તેમ છતાં પ્રતિવાદી નં.૨૦ ને વેચાણ આપેલ છે અને પ્રતિવાદી નં.૨૦ દાવાવાળી ઉપરોકત મિલકત કોઈ પણ રીતે તબદીલ કરે કરાવે નહી તેવો દાવો ચાલતા સુધીનો કામચલાઉં મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ થતા સુધી ફરમાવવા મેહ. કરશોજી તેવી દાદ આ કામના પ્રતિવાદી સામે હાલની કામચલાઉ મનાઈહુકમની અરજીમાં માંગેલ છે. સદર મનાઈ અરજી અન્વયે વાદીના વ.શ્રી ને સાંભળ્યા તથા પ્રતિવાદીના વ.શ્રીને સાંભળ્યા.

**(૩)** ઉપરોકત સમગ્ર હકીકત ધ્યાને લેતા આ અરજીના નિર્ણય સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદાઓ**

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદીને નાણાથી બદલો ન વાળી શકાય તેવું નુકશાન થવાનો સંભવ છે ?

(૪) શું હુકમ ?

**(૪)** ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

(૫) ઉપરોક્ત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે.

**<u>કારણો</u>**

મુદા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઈ સરળતા ખાતર ત્રણેયની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. પક્ષકારો તરફે રજુ થયેલ પ્લડીંગ અને દસ્તાવેજો વંચાણે લેતા જણાઈ આવે છે કે આ કામના વાદીએ તેમની દાવા અરજીમાં સ્વીકારેલ છે કે, દાવાવાળી તકરારી જમીનનો વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૧ થી ૧૯ નાઓએ પ્રતિવાદી નં.૨૦ ની તરફેણમાં તા. ૧૪/૦૮/૨૦૨૫ ના રોજ કરી આપેલ છે. તેમજ દાવાવાળી જમીનમાં વાદીનો કબજો આવેલો નથી તેમજ વાદીએ માર્ક–૪/૩ વાળો જે બાનાખતનો કરાર રજૂ કરેલ છે તે કરાર કબજા વગરનો બાનાખતનો કરાર છે અને વાદી માર્ક–૪/૩ વાળા કરારમાં જણાવ્યા મુજબ તેમણે પાલન કરવાની શરતોનું પાલન કરવા તૈયાર હતા તેવુ દર્શાવતો કોઇ પુરાવો આ કામે રજુ કરેલ નથી કે સ્પેશીફીક રીલીફ એકટની કલમ–૧૬(સી) માં જણાવ્યા મુજબ વાદી તેમણે પાલન કરવાની શરતોનું પાલન કરવા તૈયાર હતા અને પ્રતિવાદીઓએ વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી તે સારૂ કોઇ નોટીસ પણ આપેલ નથી. આ તમામ સંજોગોમાં વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી. અને દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદી નં.૨૦ ના પાસે છે તેથી જો માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને નાણામાં ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન થવાની સંભાવના છે. આમ, વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી અને જયારે પ્રથમ દર્શનીય કેસ ન હોય ત્યારે લેણદેણની તુલા પણ વાદીના લાભમાં હોય તેવું માની શકાય નહી તેથી તેથી મુદા નં. ૧ થી ૩ નો જવાબ **નકારમાં** આપી મુદા નં.૪ પરત્વે ન્યાયનાહિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>હુકમ</u>**

– વાદીની **આંક–૫** ની અરજી **નામંજુર** કરવામાં આવે છે

– અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજ તારીખ ૧૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વિજાપુર
તા.૧૯ /૦૨/૨૦૨૬

**(એસ.એસ. અજમેરી)**
એડી.સિવિલ જજ અને જ્યું.મેજી.ફ.ક.
વિજાપુર
જિજે૦૧૫૨૫